# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-01-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GIFT CITY CENTR OF EXCELLENCE

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યની આઇટીઆઇમાં એક વર્ષનો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ-AIનો કોર્સ શરૂ કરવાની જાહેરાત કરી છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગાંધીનગરના ગિફ્ટ સિટી ખાતે સેન્ટર ઓફ એક્સલન્સનો પ્રારંભ કરાવતા ઉપરોક્ત જાહેરાત કરી હતી.

શ્રી પટેલે જણાવ્યું કે, AI ક્રાંતિ હવે વૈશ્વિક ચળવળ બની ગઈ છે અને ભારત વિશ્વમાં AI ક્ષેત્રમાં આગળ વધી રહ્યું છે. તેમણે જણાવ્યું કે, કેન્દ્ર સરકારે ઇન્ડિયા AI મિશનની પણ શરૂઆત કરી છે, ત્યારે ગુજરાત સરકારે પણ AI ટાસ્ક ફોર્સની શરૂઆત કરી છે.

**(BYTE : CM)**

# Kumbh special bus

અને હવે મહાકુંભ અંગેના સમાચાર..

(KUMBH MUSIC)

ગુજરાતના શ્રદ્ધાળુઓ પ્રયાગરાજ મહાકુંભમાં આસ્થાની ડૂબકી લગાવી શકે તે માટે ગુજરાતથી દરરોજ પ્રયાગરાજ  સુધીની એસી વોલ્વો બસ શરૂ કરવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે  પ્રયારાજ જતી પ્રથમ બસને ગાંધીનગર સર્કિટ હાઉસથી કેસરી ઝંડી આપી 'ચલો, કુંભ ચલે' યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો.

મંત્રોચ્ચાર તેમજ વિધિ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ પ્રથમ વોલ્વો બસમાં પ્રયાગરાજ જઈ રહેલા તમામ શ્રદ્ધાળુઓને આવકાર્યા હતા અને સુખદ યાત્રાની શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે વાહનવ્યવહાર રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે,  આ વિશેષ બસ સેવાનું ઑનલાઇન બુકિંગ શરૂ થતાની સાથે જ ગણતરીના કલાકોમાં બુકિંગ ફૂલ થઇ ગયું છે.

ગુજરાતના હજુ વધુ શ્રદ્ધાળુઓ પોતાના પરિવાર સાથે પ્રયાગરાજ જઈ શકે તે માટે વધુ બસો મૂકવા અંગે નિર્ણય લેવામાં આવશે.

આ અંગે શ્રી સંઘવીએ વધુ માહિતી આપીઃ

(BYTE : Harsh Sanghvi)

(KUMBH MUSIC)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PANCHMAHAL – PLASTIC SEIZURE

પંચમહાલ જિલ્લાના હાલોલ GIDC વિસ્તારમાં હાલોલ નગરપાલિકા અને GPCBની ટીમ દ્વારા ગત સપ્તાહ દરમિયાન સિંગલ યુઝ પ્લાસ્ટિક બનાવતા 26 એકમોમાં દરોડા પાડી ગુજરાતમાં સૌ પ્રથમ વખત 850 ટન પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિકનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. GPCB દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિકનું ઉત્પાદન કરતા 29થી વધુ એકમોને ક્લોઝર નોટિસ ફટકારવામાં આવી છે. જેના આધારે મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા આ તમામ એકમોનું વીજ જોડાણ કાપવાની પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# AMRELI JAHERNAMU

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈ અમરેલીમાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે જાહેરનામું બહાર પાડ્યું છે. જે અંતર્ગત કોઈ પણ રાજકીય પક્ષો, ઉમેદવારો, અન્ય સંગઠનો, વ્યક્તિઓ દ્વારા ધ્વજ, બેનર્સ, હોર્ડીંગ, કટઆઉટ કે અન્ય પ્રચારના સાધનો બોર્ડ વગેરે માટે જાહેર સ્થળોએ, ખાનગી માલિકીની મિલકતો માટે સક્ષમ સત્તાધિકારીની મંજૂરી મેળવવાની રહેશે. આ અંગેનો ખર્ચ જે વિસ્તારમાં હોર્ડીંગ્સ, કટઆઉટ વગેરે મુકેલા હોય તે વિસ્તારના ઉમેદવારના ચૂંટણીખર્ચના હિસાબોમાં યોગ્ય જગ્યાએ દર્શાવવાનો રહેશે.

# 86TH UTT SENIOR NATIONAL TT CHAMPIONSHIP

રાજ્યના માનુષ શાહ અને દિયા ચિતાલેએ અલ્ટિમેટ ટેબલ ટેનિસની ૮૬મી સિનિયર નેશનલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં પોતાનો પ્રથમ રાષ્ટ્રીય ખિતાબ જીત્યો છે. પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઇન્ડોર સ્ટેડિયમ ખાતે રમાયેલી સ્પર્ધામાં બંને ખેલાડીએ અલગ-અલગ પુરુષ અને મહિલાઓની શ્રેણીમાં ચેમ્પિયન તરીકે વિજય મેળવ્યો હતો. તેઓને ટ્રોફી અને ૩.૨ લાખના રોકડ ઇનામ આપવામાં આવ્યા હતા.